
## જન્મદિને વધામણી



કનૈયાલાલ પંડ્યા
કથાકાર
મો. ૯૪૨૮૨ ૧૭૫૫૭



આશા એમ શર્મા
શિક્ષક, પેથાપુર કુમાર શાળા નં. ૨

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન - ૧**
સોનુ કે ટીટુ કી સ્વીટી
રાત્રે ૧૦.૦૦

**સ્ક્રીન - ૨**
સોનુ કે ટીટુ કી સ્વીટી
૧૨.૪૫, ૩.૪૫
ગુજ્જુ ભાઈ મોસ્ટ વોન્ટેડ (ગુજરાતી)
૬.૩૦, ૯.૩૦

**સ્ક્રીન - ૩**
વેલકમ ટૂ ન્યુયોર્ક (૩ડી)
૧૨.૩૦, ૨.૪૫, ૭.૪૫
બ્લૅક પૅન્થર (૩ડી હિન્દી)
૫.૧૫, ૧૦.૧૫

**સ્ક્રીન - ૪**
પેડમેન
૧.૦૦
અઈયારી
૪.૦૦
ચાલ મન જીતવા જઈએ (ગુજરાતી)
૭.૦૦
લવની ભવાઈ (ગુજરાતી)
૯.૩૦

**સ્ક્રીન-૫**
ગુજ્જુ ભાઈ મોસ્ટ વોન્ટેડ (ગુજરાતી)
૧૨.૩૦, ૩.૩૦
સોનુ કે ટીટુ કી સ્વીટી
૬.૪૫
વેલકમ ટૂ ન્યુયોર્ક
૧૦.૦૦

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

# એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલનો શાનદાર વાર્ષિકોત્સવ







સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા ખીમજી વિસરામજી હૉલ ખાતે 'ભગિની ભ્રાતા' શિર્ષક હેઠળ વાર્ષિકોત્સવની તદ્દન નોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં આમંત્રિત મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આઈએએસ એમ એસ ડાગુરે વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક વાતો કરી હતી. જીવનમાં પોતાને રસ હોય તેવું કાર્ય કરવું જોઈએ અને ઉત્તમ પરિણામો લાવી સમાજ ઉપયોગી થવાની શીખ આપી હતી. જ્યારે અતિથિ વિશેષ તરીકે હાજર રહેલ શાળાની પૂર્વ વિદ્યાર્થિની સ્ક્વોડન લીડર ઈન્ડિયન એરફોર્સ સ્નેહા શેખાવતે પોતાની શાળાકીય પ્રવૃત્તિઓ અને અત્યાર સુધીની સફળતાની અથાગ પરિશ્રમની વાતો કરી હતી જે દ્વારા હાજર વિદ્યાર્થીઓમાં એક નવી ઊર્જાનો સંચય થયો હતો અને વિદ્યાર્થીઓએ તેમની વાતોને તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી. સંસ્થાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ દ્વારા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ૧૦૦ વર્ષની લાંબી મજલની અને ઉત્તરોત્તર પ્રગતિનાં સોપાનોથી હાજર વિદ્યાર્થીઓ અને વાલીગણને માહિતી આપી હતી. વાર્ષિકોત્સવમાં હાજર રહેલા અતિથિ વિશેષ છનાભાઈ બેચરભાઈ પટેલ (હાલ યુએસએ) દ્વારા શાળાને રૂા. ૧૧ લાખનું અનુદાન આપવામાં આવ્યું હતું. ભાઈ બહેનના પવિત્ર સંબંધને સમજાવતી અને જીવનમાં ધાર્યાં પરિણામો સખ્ત મહેનતથી લાવી શકાય છે તે વાર્તાને વણી લેતી ૪૫ મિનીટની સુંદર કૃતિ 'ભગિની ભ્રાતા' પ્રસ્તુત કરવામાં આવી હતી. ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓએ આ પ્રસ્તુતિમાં નૃત્ય અને અભિનયથી સર્વ હાજર શ્રોતાઓની પ્રશંસા મેળવી હતી. આ ડ્રામા એક્ટમાં 'સરપ્રાઈઝ' હાજર મહેમાનો અને આચાર્યશ્રીએ પણ ભાગ લીધો હતો. સમાજમાં દીકરીને મહત્ત્વ આપવું, તેમનું માન સન્માન જળવાય તે વિશે શાળાની વિદ્યાર્થીઓને શપથ લેવડાવવામાં આવ્યા હતા. વાર્ષિકોત્સવમાં વર્ષ દરમિયાન સાંસ્કૃતિક, ખેલકૂદ તેમજ શૈક્ષણિક કાર્યમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને મેડલ અને પ્રમાણપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ, કેમ્પસ ડિરેક્ટર ડૉ. સોમાભાઈ પટેલ, ડૉ. વીણાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. શાળાનો વાર્ષિક અહેવાલ આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો. જ્યારે પ્રશિક્ષિકા સ્નેહાબેન દ્વારા મંચ સંચાલન અને મહેમાનોના સ્વાગત પરિચયની જવાબદારી સ્વીકારવામાં આવી હતી.

એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલના વાર્ષિકોત્સવનું પૂરેપૂરું સંચાલન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જ કરવામાં આવ્યું હતું, જે અત્યંત સરાહનીય વાત બની રહી હતી. કાર્યક્રમને અંતે રાષ્ટ્રગાનની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

# સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના વાર્ષિકોત્સવમાં યુનિટી ઈન ડાયવર્સિટી




ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર સેન્ટ ઝેવિયર્સ સ્કૂલે એનો ૪૮મો વાર્ષિકોત્સવ 'યુનિટી ઈન ડાયવર્સિટી' થીતમ પર દબદબાભેર ઉજવાયો હતો. કાર્યક્રમને કોસ્ટ ગાર્ડના કમાન્ડન્ટ આર કે કદમ અને આચાર્ય ફાધર દુરાઈ દ્વારા દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

ગણપતિ વંદના સાથે પ્રેયર ડાન્સ અને બાદમાં એક શિલ્પકાર પથ્થરમાંથી મૂર્તિને ઘડી કાઢે જેમાં એક બાદ એક કૃષ્ણ, જીસસ, અલ્લાહ આકાર લે અને પછી એ ધર્મને આધારિત ગીતો પર બાળકો નૃત્ય પ્રદર્શન કરે. છેલ્લે મહાત્મા ગાંધી અને મિલે સૂર મેરા તુમ્હારા કહેતા ભારતીય ધ્વજ ત્રિરંગાના સન્માનની વાત થાય. આખોય કાર્યક્રમ એકધારો એનર્જેટીક ગીતો-નૃત્યોથી છલોછલ હતો.

સ્કૂલમાં વર્ષ દરમિયાન શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. ફાધર દુરાઈએ આખા વર્ષનો ચિતાર, સિદ્ધિઓ અને પ્રગતિનો વર્ણવીને સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ હજુ પણ વિદ્યાર્થીઓમાં સન્માન ધરાવે છે એવી વાત કરી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સાજી જૉસેફ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમની સાથે માર્શલ અને લીના માઈકલ જોડાયા હતા. સેન્ટ ઝેવિયર્સ સ્ટાફ અને વિદ્યાર્થીઓની મહેનત ઊડીને આંખે વળગે એવી હતી. ગાંધીનગરના ગણમાન્ય લોકો આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. હૉલમાં સ્વાગતમાં ભારતના નકશાની ફૂલોની રંગોળી જે સર્વધર્મ સમભાવ દર્શાવતી હતી, જે આકર્ષણનું કેન્દ્ર બની હતી. મોટાભાગના લોકોએ ત્યાં ઊભી રહી તસવીર લીધી હતી.

# ચૌધરી ગર્લ્સ બીસીએ કૉલેજમાં 'ફેરવેલ પાર્ટી'નું આયોજન થયું

ગાંધીનગર, તા. ૨૭

આપણા ગાંધીનગરની શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત ચૌધરી કૉલેજ ઑફ કમ્પ્યુટર એપ્લિકેશન (બીસીએ પ્રોગ્રામ)માં વિદ્યાર્થિનીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને અવારનવાર સહઅધ્યયન પ્રવૃત્તિઓ યોજાતી હોય છે. તેમાં શિક્ષણની સાથે સર્વાંગી વિકાસ થાય તે માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

બીસીએ કૉલેજના છેલ્લા વર્ષની વિદ્યાર્થિનીઓ માટે ફેરવેલ પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થિનીઓ માટે વિવિધ ગેમ્સ જેવી કે 'ટેસ્ટ યોર ટંગ', બૉલીવૂડ ક્વિઝ રાખવામાં આવી હતી. છેલ્લા વર્ષની વિદ્યાર્થિનીઓએ કૉલેજકાળ દરમિયાનના પોતાના અનુભવ ખૂબ જ ભાવુક થઈ વ્યક્ત કર્યા હતા. બીસીએની વિદ્યાર્થિનીઓએ સિંગિંગ અને ગ્રૂપ ડાન્સ પરફોર્મન્સ રજૂ કર્યા હતા. બીજા વર્ષની વિદ્યાર્થિની વિધિકાએ સિનિયર્સ માટે ખૂબ જ સરસ સ્પીચ લખી હતી અને સાથે સાથે વિદ્યાર્થિની માનસીએ ગીત પણ લખ્યું હતું, જે સિનિયર્સને ખૂબ જ પસંદ આવ્યું હતું. ઈવેન્ટના અંતમાં વિદ્યાર્થિનીઓ ડીજેના તાલે ઝૂમી ઊઠી હતી. આ સેમિનારના ઈન-ચાર્જ ચૌધરી કૉલેજનાં અધ્યાપિકા સર્વાંગી શાહ હતાં.

ડિરેક્ટર પ્રશાંત વાઘેલા છાશવારે આવા કાર્યક્રમો યોજીને ઊગતા છોડને પાણી સિંચવાનું કાર્ય કરી રહ્યા છે.

# ક્રિષ્ના કોન્ટેસ્ટ એન્ડ ગૌલકા શેડ્સનું હરે કૃષ્ણ મંદિર દ્વારા આયોજન

ગાંધીનગર, તા. ૨૭

હરેકૃષ્ણ મંદિરના "કલ્ચરલ એજયુકેશન સર્વિસ" નામના ડિપાર્ટમેન્ટ દ્વારા બાળકોમાં સારા મૂલ્યોના વિકાસ અને જીવનજરૂરી કુશળતા કેળવવામાં મદદરૂપ થવા માટે વિવિધ સાંસ્કૃતિક અને સામાજીક પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યને આગળ ધપાવતા તથા વિદ્યાર્થીઓના લાભાર્થે અમો દ્વારા બહુવિધ સંસ્કૃતિ-કેન્દ્રિત પહેલ જેમ કે હેરિટેઝ ફેસ્ટ, ગીતા ફેસ્ટ, કલ્ચર કેમ્પ, વેલ્યુસ પ્લસ વિગેરેનું પણ આયોજન કરવામાં આવે છે.

ક્રિષ્ના કોન્ટેસ્ટ અને ગોલૌકા સેડ્સ આ બધાઓમાંથી જ કોઈ એક છે. ક્રિષ્ના કોન્ટેસ્ટ એક લેખિત સ્પર્ધા છે જે ધોરણ ૫ થી લઈને ધોરણ ૧૦ સુધીના બાળકો માટે જયારે ગોલૌકા સેડ્સ, એ જુનિયર કે.જી. થી લઈને ધોરણ ૫ સુધીના બાળકો માટેની એક રંગપૂરણી સ્પર્ધા છે જે સમગ્ર અમદાવાદ અને ગાંધીનગરના બાળકો માટે યોજવામાં આવી હતી. આ સ્પર્ધા માટે મૂલ્યો આધારિત નિર્ધારિત પુસ્તકોનો સંદર્ભ લેવામાં આવે છે કે જેમાં લોકોએ મહાન વ્યકિતઓના આદર્શોને પોતાના જીવનમાં અનુસરયા હોય અને સમાજ પોતે મહાત્મા તરીકેની છાપ ઉભી કરી હોય. જુદા-જુદા પુસ્તકો અલગ-અલગ ધોરણના બાળકોને આપવામાં આવ્યા હતા અને ભાગલેનાર પ્રતિસ્પર્ધીએ પુસ્તકની વાંચીને સમજી હતી અને લેખિત પરીક્ષા આપી હતી. હરેકૃષ્ણ મદિર,ભાડજ દ્વારા સૌ પ્રથમવાર ક્રિષ્ના કોન્ટેસ્ટ અને ગોલૌકા સેડ્સ સ્પર્ધાનું અમદાવાદ અને ગાંધીનગરની આશરે ૨૦૦ કરતા પણ વધારે શાળાઓમાં આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં ખૂબ જ સારો પ્રતિસાદ મળતા આશરે ૧૩,૦૦૦ કરતા પણ વધારે બાળકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ભાગ લેનાર બધા જ વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ આપવામાં આવશે અને શાળાઓમાંથી ટોપ થ્રી વિદ્યાર્થીઓને ટ્રોફી એનાયત કરવામાં આવશે. આ સ્પર્ધામાં સરકારી શાળાઓ ઉપરાંત દેવ ઈન્ટરનેશનલ, પોદર ઈન્ટરનેશનલ, કેન્દ્રીય વિદ્યાલય, ત્રીપદા ઈન્ટરનેશનલ સ્કૂલ, આવીશકાર ઈન્ટરનેશનલ સ્કૂલ વિગેરે નામદરા શાળાઓએ પણ ભાગ લીધો હતો. ક્રિષ્ના કોન્ટેસ્ટ અને ગોલૌકા સેડ્સ સ્પર્ધા વિશે પ્રતિસાદ આપતા ડી.એ.વી. ઈન્ટરનેશનલ સ્કૂલ, અમદાવાદના સૌમ્યા જહાએ જણાવ્યું હતુ કે મને કલરીંગ અને પેઈન્ટીંગ કરવું ખૂબ જ ગમે છે.

પોદર ઈન્ટરનેશનલ સ્કૂલના ટીચર શ્રી નિતિન આચાયીએ જણાવતા કહ્યુ કે ભગવાન કૃષ્ણના વિચારો વિષેના જ્ઞાનનો પ્રસાર કરતો આ એક ઉત્તમ કાર્યક્રમ હતો. આ વિશેના પુસ્તકો ખૂબ જ રસપ્રદ હતા. જે કોઈપણ એક વખત પુસ્તક વાંચવાની શરૂઆત કરશે તે પુસ્તક પૂર્ણ કરીને જ રહેશે.

# સે. ૨૮ની આરાધના વિદ્યાવિહારમાં શુભેચ્છા પર્વનું આયોજન કરાયું



આરાધના વિદ્યાવિહાર ખાતે મંગળવારે શુભેચ્છા પર્વ અંતર્ગત ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓને બૉર્ડની પરીક્ષાનો ડર દૂર થાય અને સફળતા મેળવવા માટે શુભેચ્છા માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ધોરણ-૯ની બહેનો તથા શિક્ષિકાબેન રમીલાબેન જાદવે પ્રાર્થનાથી કરાવી હતી. શાળાના શિક્ષક એમ કે પટેલ, કે કે પરમાર તથા સી ડી જાદવ દ્વારા માર્ચમાં લેવાનાર બૉર્ડની પરીક્ષા અંગેની મૂંઝવણ અને ઉકેલ અંગે સંવાદ કરી માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓએ પોતાના શાળાજીવનના પ્રતિભાવો રજૂ કર્યા. આ પ્રસંગે સંસ્થાના ચેરમેન રમણભાઈ પટેલ, શાળાના ઉચ્ચ માધ્યમિક વિભાગના આચાર્ય પી એમ પટેલ તથા આચાર્ય વસંતભાઈ પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. કાર્યક્રમના અંતે શિક્ષક અરવિંદભાઈ પટેલ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિક્ષક ધવલભાઈ પટેલે કર્યું હતું. આ કાર્યક્રમને સમગ્ર શૈક્ષણિક તથા વહીવટી સ્ટાફે સહયોગ આપી સફળ બનાવ્યો હતો.

# ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં વિદ્યાર્થીઓનો 'વિદાય સમારંભ' યોજાયો



તા.૨૬-૦૨-૨૦૧૮, સોમવારના રોજ ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓનો 'વિદાય સમારંભ' યોજાયો. માનનીય ટ્રસ્ટીશ્રી અને ડાયરેક્ટર સર દ્વારા વિદ્યાર્થીઓને આશીર્વચન આપવામાં આવ્યા હતા. આચાર્યશ્રી અને શિક્ષકગણ દ્વારા તેમનું ઉજ્જવળ ભવિષ્ય અને કારકિર્દી માટેની શુભેચ્છાઓ આપવામાં આવી. અંતમાં બધા જ વિદ્યાર્થીઓને ગરબા રમાડી અને નાસ્તો કરાવીને શુભ વિદાય આપવામાં આવી.

# સૂકી તિલક હોળી રમવા આહિર લેડી બર્ડ્ઝનો અનુરોધ

ગાંધીનગર, તા. ૨૭

સેક્ટર-૪માં કાર્યરત આહિર મહિલાઓની કીટી પાર્ટી 'આહિર લેડી બર્ડ્ઝ' દ્વારા તાજેતરમાં યોજવામાં આવેલી કિટી પાર્ટીમાં બોળી થીમ આધારિત ગેમ્સ રમવા સાથે ગાંધીનગરના નાગરિકોને આ વર્ષે પાણીની કટોકટીને ધ્યાનમાં રાખીને સૂકી તિલક હોળી રમવા અનુરોધ કરવામાં આવ્યો છે. સે. ૪માં ગીતાબેન જાટીયાના નિવાસસ્થાને યોજાયેલી આ બેઠકમાં મહિલાઓએ પરસ્પર કોરો રંગ પાઠવીને હોળીની શુભકામનાઓ પાઠવી હતી.

# બાળકોને પોતાનો આનંદ માણવાની, અભિવ્યક્ત કરવાની સ્વતંત્રતા આપીએ

**આવો જીવીએ શાનદાર**
**વિનોદ અમલાણી**
vamlani2000@yahoo.co.uk

રાજ્યકક્ષાની બાલ પ્રતિભા શોધ હરીફાઈ હતી. આ હરીફાઈમાં તાલુકા કક્ષાએ, પછી જિલ્લા કક્ષાએ, પછી પ્રદેશા કક્ષાએ વિજેતા થઈને બાળકો રાજ્યકક્ષાની અંતિમ હરીફાઈમાં ભાગ લઈ રહ્યા હતા. મોટાભાગના બાળકો સાથે તેના માતા-પિતા, વાલી અથવા શિક્ષકો હતા જેઓ બાળકોને માર્ગદર્શન આપવા અને બાળકોનો ઉત્સાહ વધારવા માટે આવ્યા હતા. આ હરીફાઈમાં સંગીત, નૃત્ય, અભિનય, સાહિત્ય, વકતૃત્વ અને લલિતકલાઓને લગતી ઘણીબધી હરિફાઈઓ હતી. જેમ જેમ વિવિધ ઈવેંટ ની હરીફાઈ પૂરી થતી હતી એમ એ હરિફાઈનું પરિણામ પણ જાહેર થતું જતું હતું. આ સ્પર્ધાઓમાની એક સ્પર્ધા પૂરી થઈ, બાળકો અને વાલીઓ પરિણામની રાહ જોઈ રહ્યા હતા.

નિર્ણાયકો નિર્ણય નક્કી કરીને પોતાના રૂમમાંથી બહાર આવ્યા અને એ વાલીઓ તથા બાળકો વચ્ચે પ્રથમ ત્રણ વિજેતાઓની જાહેરાત કરી. જે બાળક પ્રથમ વિજેતા જાહેર થયો એ બાળક પરિણામ સાંભળીને ખૂબ જ ખુશ થયો કહો કે નાચી ઉઠ્યો. દ્વિતીય વિજતા એક બાળકી હતી જે પોતાની મમ્મી પાસે જ ઊભી હતી. દ્વિતીય વિજેતા તરીકે પોતાનું નામ સાંભળીને એક ક્ષણ માટે તેની આંખમાં આનંદની ચમક દેખાઈ. બીજી ક્ષણે એ બાળકીએ પોતાની મમ્મીના ચહેરા સામે જોયું. તેની મમ્મીના ચહેરા ઉપર આનંદના નહીં પણ થોડી નિરાશા અને ગુસ્સાના ભાવ દેખાયા એટલે તે બાળકીના ચહેરા ઉપરનો આનંદ તુરત જ ઓસરી ગયો. બાળકીનો આનંદ તો ઓસરી ગયો સાથે સાથે તેના ચહેરા ઉપર હતાશા પણ છવાઈ ગઈ. તૃતીય વિજેતા બાળકી પણ એકદમ ખુશ હતી અને પોતે મોટી સિધ્ધી પ્રાપ્ત કર્યાનો આનંદ તેના ચહેરા ઉપર ઝળકતો હતો. દ્વિતીય વિજેતા બાળકીની મમ્મીની નિર્ણાયકો સાથે ચર્ચા દરમિયાન એવું ફલિત થયું કે પોતાની દિકરી પ્રથમ વિજેતા જ બને એવું એ ઈચ્છતી હતી અને તેનાથી ઓછું તેને કશું જ ખપતું ના હતું. પોતાની દિકરી દ્વિતીય વિજેતા થઈ તેના આનંદ કરતાં પ્રથમ વિજેતા ના થઈ શકી તેની હતાશા વધારે હતી.

આ જ પ્રકારની એક બીજી ઘટના. એક યુનિવર્સિટીએ પોતાના વિદ્યાર્થીઓ માટે વકતૃત્વ કળા સ્પર્ધાનું ભવ્ય આયોજન કર્યું. પ્રાઈમરી, સેમી-ફાઈનલ અને ફાઈનલ એમ ત્રણ રાઉન્ડમાં સ્પર્ધા હતી. ત્રણેય રાઉન્ડમાં બે-બે પ્રકારની હરિફાઈઓ એમ અંતિમ વિજેતાઓએ કુલ છ હરિફાઈઓના કોઠા વીંધવાના હતા. વિદ્યાર્થીઓનો પણ જબરો ઉત્સાહ હતો. ત્રણસોથી વધારે વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. યુનિવર્સિટી અને સ્પર્ધાના સંયોજકે સ્પર્ધાની ડિઝાઈન એવી સુંદર બનાવી હતી કે ખરેખર યોગ્ય અને શ્રેષ્ઠ સ્પર્ધકો જ વિજેતા બની શકે.

અંતિમ સ્પર્ધાનું પરિણામ જાહેર થયું. તૃતીય વિજેતા, દ્વિતીય વિજેતા અને પ્રથમ વિજેતા. તૃતીય અને પ્રથમ વિજેતા જ્યારે મંચ ઉપર પોતાનો પુરષ્કાર સ્વિકારવા માટે આવ્યા ત્યારે તેઓના ચહેરા ઉપર, તેઓની ચાલમાં અને તેઓની આંખોમાં આનંદ અને ઉત્સાહ ઝળકતો હતો અને એક મોટી સિધ્ધી પ્રાપ્ત થઈ હોય એવી લાગણી અનુભવતા હતા પણ દ્વિતીય વિજેતાના ચહેરા ઉપર એવ જ ઉત્સાહ અને આનંદનો સંપૂર્ણ અભાવ દેખાયો. એ દ્વિતીય વિજેતા યુવતીને પણ પ્રથમ વિજેતા જ થવું હતું અને એ ના થયું એટલે દ્વિતીય વિજેતા થવાનો આનંદ પણ ના માણી શકી.

પહેલા કિસ્સામાં બાળકીને દ્વિતીય વિજેતા થવાનો પોતાને આનંદ હતો. એક પળ માટે તેની આંખોમાં એ આનંદ ઝળકયો પણ ખરો પણ તેના મમ્મીની હતાશા જોઈને એ બાળકીનો આનંદ પણ એક જ ક્ષણમાં વિલીન થઈ ગયો. બાળકી પોતે રાજ્યકક્ષાએ વિજેતા થઈ, તાલુકા કક્ષાથી લઈને રાજ્ય કક્ષા સુધી પોતાના ઘણા હરિફોને હરાવીને એક મોટી સિધ્ધી મેળવી પણ એ સિદ્ધિ મળ્યા આનંદ લૂટી ના શકી. બાળકીની લાગણીઓ, બાળકીના ભાવાવેશો ઉપર તેની મમ્મીની લાગણીઓ હાવી થઈ ગઈ.

આપણે ઘણીવાર આપણી અપેક્ષાઓ એટલી ઊંચી રાખીએ છીએ કે તેનાથી કઈક ઓછું મળે તો તેનો આઘાત આપણે સહન કરી શકતા નથી જે નથી મળ્યું તેના આઘાતમાં, જે પ્રાપ્ત નથી કરી શક્યા તેની હતાશામાં, જે મળ્યું હોય છે તેનો આનંદ પણ ગુમાવી દઈએ છીએ.

ઊંચી અપેક્ષાઓ રાખવી એ સારી વાત છે, ઊંચા ધ્યેય રાખવા એ ગમતી વાત છે, એ ધ્યાય પ્રાપ્ત કરવા માટે બધુ જ કરી છૂટવા છતાં તેનાથી કઈક ઓછું મળે તો તેનો આનંદ શા માટે ના માણવો? મળ્યું છે તેની અવગણના કરીને નથી મળ્યું તેનું ખોટું રટણ શા માટે કર્યા કરવું? જે મળ્યું છે એનો આનંદ માણવાથી જ આપણને નવી શક્તિ, નવી તાકાત અને પ્રેરણા મળતી હોય છે. જે મળ્યું તેનો આનંદ નહીં માણીએ તો એ બધુ આપણને ક્યાથી મળશે? કઈક મળ્યાનો આનંદ માણવાની ક્ષણો બહુ ઓછી હોય છે એ ક્ષણ ચૂકી ગયા તો એ આનંદ બીજીવાર ક્યારેય નહીં માણી શકીએ. (ક્રમશઃ)

